જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૧૦/૮/૨૦૧૫ સોમવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ- સમાચાર યાદી નં.૧૬૧૫/૧૫

## કાર્ગો કંપનીમાં નોકરી કરતા અને પાર્સલો ની હેરાફેરી કરનાર બે ઇસમોને પાર્સલોમાંથી ચોરી કરેલા કિંમતી મોબાઇલ ફોન નંગ- ૫૯ સાથે ઝડપી પાડતી ક્રાઇમબ્રાન્ચ

અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચનાં નાયબ પોલીસ કમિશ્નર શ્રી તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી નાઓએ અમદાવાદ શહેર વિસ્તારમાં બનતાં મિલકત સંબંધી ગુન્હાઓને શોધી કાઢવા સારૂ આપેલ સુચના આધારે પોલીસ ઇન્સ્પેકટર શ્રી બી.પી. રોજીયા નાઓના સ્કોડનાં પોલીસ સબ ઇસ્પેકટર શ્રી આર.આઇ. જાડેજા તથા શ્રીએસ.એન.દેસાઇ તથા શ્રી એસ.બી.ઝાલા તથા સ્ટાફનાં માણસો સાથે અમદાવાદ શહેરમાં પેટ્રોલીગમાં હતાં. તે દરમ્યાન મળેલ બાતમી હકિકત આધારે, ગીતા મંદિર એસ.ટી.બસ સ્ટેન્ડ પાસે થી આરોપીઓ ૧.જયદીપસિંહ ઉર્ફે લાલો ઉર્ફે જીતેન્દ્ર ઉર્ફે જીતુ S/O ભુપતસિંહ જાતે ચાવડા ઉવ.૨૫ ધંધો:-નોકરી રહે.૪૦૬/૭,પીળીચાલી, વિજય પેટ્રોલપંપની પાસે, રખિયાલ રોડ, રખિયાલ, અમદાવાદશહેર મુળ વતન :- ગામ. મુલસણ, તા.જી.મહેસાણા ૨.મયુર ઉર્ફે ભોલો S/O દેવેન્દ્રભાઇ જાતે ભીમાણી ઉવ.૨૩ ધંધો:- નોકરી રહે.૨૫, અશોક સોસાયટી, જુની પાયલોટ ડેરી, કાંકરીયા, અમદાવાદ મુળ વતન ગામ:- ઇટાડીયા, તા.વલ્ભીપુર, જી.ભાવનગર નાઓને તા.૦૯/૦૮/૨૦૧૫ ના રોજ પકડી અટક કરવામા આવેલ તેઓની પાસેથી ચોરી ના "એચ.ટી.સી" કંપનીના મોબાઇલો કુલ્લે નંગ-૫૯ કિં.રૂ. ૧૧,૮૦,૦૦૦/- નો મુદામાલ મળી આવતા તપાસ અર્થે કબજે કરેલ છે.

આ કામે પકડાયેલ આરોપીઓની પુછપરછ કરતાં આરોપી જયદિપસિંહ ચાવડા તથા મયુર ભીમાણી બંન્ને સારંગપુર ની શ્રી ક્રિષ્ના કાર્ગો કંપની માં આરોપી નં.૧ નાનો પાંચેક વર્ષથી તથા આરોપી નં.૨ નાનો બે વર્ષથી નોકરી કરતા હોય અને બંન્નેના ઘરની આર્થિક પરિસ્થિતી સારી ન હોય પૈસાની જરૂરીયાત ઉભી થતા ગઇ તા.૨૩/૦૬/૨૦૧૫ શ્રી ક્રિષ્ના કાર્ગો કંપની માથી કહ્યા મુજબ પાર્સલો લાવી અને મેઘાણીનગર કાર્ગો એરપોર્ટ ખાતે પહોચાડવા નુ કામ કરતા હોય પાલડી ચંદ્રનગર આવેલ શ્રી શક્તિ કાર્ગો કંપનીમાંથી છોટા હાથી માં બે એચ.ટી.સી કંપની ના મોબાઇલો ભરેલ પાર્સલો લીધેલ જેમા એક પાર્સલ મા ૬૨ મોબાઇલ ફોનો હતા તથા બીજા પાર્સલ માં ૬૪ મોબાઇલ ફોનો હતા તે બંન્ને પાર્સલો ભરેલા તથા સારંગપુર થી શ્રી ક્રિષ્ના કાર્ગો કંપની માંથી બીજો સામાન ભરી મેઘાણીનગર કાર્ગો એરપોર્ટ ખાતે સામાન ઉતારવા માટે ગયેલ તે દરમ્યાન બંન્ને આરોપીઓએ રસ્તા માં જ નક્કી કરી લઇ ચંદ્રનગર ખાતેની શ્રીશકિત કાર્ગો કંપનીમા થી લીધેલ એચ.ટી.સી કંપનીના મોબાઇલ ફોનો ના બે પાર્સલો પૈકી એક પાર્સલ છોટા હાથી મા છુપાવી દઇ બાકીના પાર્સલો ઉતારી જતા રહેલ અને આ ચોરી કરેલ મોબાઇલ ફોન નુ પાર્સલ આરોપી નં.૨ મયુર ઉર્ફે ભોલા ના ઘરે છુપવી રાખેલ અને આ ચોરી કરેલ મોબાઇલ ફોનો વેચવા જવા સારુ અમદાવાદ બહાર જવા સારુ ગીતામંદિર એસ.ટી.સ્ટેન્ડ જતા હતા તે દરમ્યાન તેઓને ચોરી કરેલ મોબાઇલ ફોનો સાથે ઝડપી પાડેલ છે સદરી બંન્ને આરોપીઓને પાલડી પોલીસ સ્ટેશન નાઓને સોપવા તજ્વીજ કરવામાં આવેલ છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)